| | |
|---|---|
| सत्यमेव जयते | કેસ રજુ તા. :૦૭/૦૮/૨૦૨૧.<br>કેસ દાખલ તા. :૦૭/૦૮/૨૦૨૧.<br>કેસ ફેસલ તા. :૦૬/૦૭/૨૦૨૬.<br>અવધિ :– <u>વર્ષ. માસ. દિવસ.</u><br>૦૪ ૧૦ ૨૯ |

**<u>મે. એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.</u>**

ફોજદારી કેસ નં.–૨૦૭૮/૨૦૨૧.

આંક–

સરકારશ્રી.

(પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશન,
ફર્સ્ટ, ગુ.ર., નં.–૧૧૧૯૮૦૪૧૨૧૦૦૮૫/૨૦૨૧).

**.....ફરિયાદી**

**વિરૂદ્ધ**

(૧) નારૂભાઈ ચકુરભાઈ ઉર્ફે શકુરભાઈ પરમાર,
મુળ ગામ: મઢડા, તા. શિહોર હાલ પીપરલા ગામ,
જીતુભાઈ દેસલાભાઈ રજપુતની વાડીએ તા. શિહોર.

(૨) વનરાજભાઈ ઉર્ફે વનો અનકુભાઈ વાઘેલા,
રહે. હાલ કુંભણ ધીરૂભાઈ રાણાભાઈ ગોહિલની વાડફમાં
તા. પાલીતાણા, મુળગામ: દેરાળા તા. ગઢડા, જી. બોટાદ.

**.....આરોપીઓ**

**ગુન્હોઃ–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪,૩૨૫,૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ અન્વયે...**

---

સરકાર તરફે :–વિ.એ.પી.પી. શ્રી એસ.આર.વનાળીયા.

આરોપી તરફે :– વિ.વ. શ્રી એમ.એમ. ગોહિલ

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઈ તા.૦૩/૦૩/૨૦૨૧ નારોજ રાત્રીના કલાક: ૦૨/૦૦ વાગ્યાના સુમારે, પાલિતાણા તાલુકાના ઘોડીઢાળ કુંભણ રોડ પાસે ઝુપડામાં ફરીયાદી આરોપી નં. ૧ ના ભાઈ થતાં હોય સોનાના હારમાં ભાગ માંગતા હોય, જે ફરીયાદીએ આપવાની ના પાડેલ હોય, તેની દાઝ રાખી આરોપીઓએ ફરીયાદીને તથા તેના બાળકોને લાખંડના સળીયા વડે શરીરે આડેધડ માર મારી ફ્રેકચર તથા બીજી ઈજાઓ કરી, ગુન્હામાં એકબીજાને મદદગારી કરી, ડી.એમ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ પાલિતાણા રૂરલ પો.સ્ટે.માં નોધાવતા, ફર્સ્ટ, ગુ.ર., નં.– ૧૧૧૯૮૦૪૧૨૧૦૦૮૫/૨૦૨૧ થી ગુન્હો દાખલ કરી,ત.ક.અ.શ્રી દ્વારા તપાસના અંતે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪,૩૨૫,૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજીસ્ટરે ફોજદારી કેસ નં.–૨૦૭૮/૨૦૨૧ આપવામાં આવેલ.

**<u>નોંધ:–</u>** સદર કેસનું રેકર્ડ જોતાં, ઉપરોકત ગુનાનો ચાર્ઝશીટ અત્રેની અદાલતમાં રજુ થતાં, જે–તે સમયે અત્રેની અદાલત ધ્વારા સદર કેસ કમીટ કરી સેશન્સ કોર્ટ ભાવનગર તરફ મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ સેશન્સ કોર્ટમાં પબ્લીક પ્રોસીકયુટર ધ્વારા આંક–૫ ની અરજી આપી સર કેસ સેશન્સ ટ્રાયબલ ગુનો બનતો ન હોય શરતચુકથી કમીટ થયાનું જણાય આવતું હય, ન્યાયના હિતમાં સદર કામ નામદાર ચીફ જયુડી. મેજી.શ્રીને પરત સોંપવા અરજ કરતાં સદર અરજી ઉપર નામદાર ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી ભાવનગરનાઓએ તા. ૧૩–૧–૨૩ નારોજ હુકમ કરી વિ.એ.પી.પી.શ્રીની અરજી મંજંર કરી ફોજદારી કેસ નં. ૨૦૭૮/૨૧ નું રેકર્ડ એડી. ચીફ જયુડી. મેજી. પાલીતાણાનાઓએ ન્યાયીક નિરાકરણ માટે પરત મોકલી આપવાનો હુકમ કરવામાં આવતાં સદર કેસની ન્યાયી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ અને આરોપીઓને સમન્સ બજી જતા, આરોપીઓ અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ આરોપીઓને બી.એન.એસ. એસ. ની કલમ–૧૯૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩ મુજબ આરોપીઓ ઉપર આંક–૧૨ થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામુ આરોપીઓને વાંચી–સંભળાવી, તે અંગે આરોપીઓની આંક–૧૩ થી ૧૪ સુધી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે :–

| ક્રમ | **–:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–** | આંક |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી કીશોરભાઇ ઉર્ફે ટીચુરભાઇ ચકુરભાઇ પરમારની જુબાની | ૩૧ |
| ૦૨. | ફરીયાદની ખરીનકલ | ૩૨ |
| ૦૩. | સાહેદ પરમાર વિપુલ કિશોરભાઇની જુબાની | ૩૩ |
| ૦૪. | સાહેદ પરમાર અલ્પાબેન ઉર્ફે ગડુબેન ડો./ઓ. કિશોરભાઇની જુબાની | ૩૪ |
| ૦૫. | સાહેદ પરમાર કાજલબેન કિશોરભાઇની જુબાની | ૩૫ |
| ૦૬. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ | ૩૬ |
| ૦૭. | ઈજા પામનારની શરીરસ્થતીના પંચનામાની ખરીનકલો | ૩૭, ૩૮ |
| ૦૮. | બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૩૯ |
| ૦૯. | મુદામાલ રીકવરી પંચનામું | ૪૦ |
| ૧૦. | આરોપીના અટક પંચનામાની ખરીનકલ | ૪૧ |
| ૧૧. | સારવાર સર્ટી.ની ખરીનકલો | ૪૨ થી ૪૫ |
| ૧૨. | આરોપીઓ તરફે મુદામાલ નો કલેઇમ પુરશીસ | ૪૬ |

(૪) આ કામે ફરિયાદપક્ષે આંક–૪૭ થી કલોજીંગ પુરશીસ રજુ થતાં ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતા, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવાલાયક કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ, આરોપીઓનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.વનાળીયા તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એમ.એમ. ગોહીલની દલીલો સાંભળી.

(૬) સદર કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતા, કેસના ન્યાય—નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

**–: મુ દ્દા ઓ :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદી આરોપી નં. ૧ ના ભાઇ થતાં હોય સોનાના હારમાં ભાગ માંગતા હોય, જે ફરીયાદીએ આપવાની ના પાડેલ હોય, તેની દાઝ રાખી આરોપીઓએ ફરીયાદીને તથા તેના બાળકોને લાખંડના સળીયા વડે શરીરે આડેધડ માર મારી ફ્રેકચર તથા બીજી ઇજાઓ કરી, ગુન્હામાં એકબીજાને મદદગારી કરી, ડી.એમ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે –

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

(૮) **મુદ્દા નંબર-૧ :-**

ફરીયાદ પક્ષે તપાસેલ બનાવમાં ઈજા પામનાર ફરીયાદી કિશોરભાઇ ઉર્ફે ટીચુરભાઇ ચકુરભાઇ પરમારને તથા આંક-૩૩ થી સાહેદ પરમાર વિપુલ કિશોરભાઇને તથા આંક-૩૪ થી સાહેદ પરમાર અલ્પાબેન ઉર્ફે ગડુબેન ડો./ઓ. કિશોરભાઇને તથા આંક-૩૫ થી સાહેદ પરમાર કાજલબેન કિશોરભાઇને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓનો પુરાવો વંચાણે લેતાં એકબીજાને સમાંતર પુરાવો આપેલ છે. સદર સાહેદો તેમની સોગંદ પરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, બનાવમાં આરોપીઓએ તેની તથા તેના પરીવાર સાથે સામાન્ય બોલાચાલી થયેલ, એથી વિશેષ કાંઈ બનેલ નહી. સદર ફરીયાદીએ આવેશમાં આવીને ફરીયાદ આપેલાનું જણાવતા હોય, ફરીયાદી તથા સાહેદો ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં, ફરીયાદી પોતાની ફરીયાદની હકીકતોને તથા સાહેદો પોતાના નિવેદનની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી.

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીનો બનેલો. એ વાત ખરી છે કે, ઈજા કરનાર કોણ હતા તે તેઓ અંધારામાં ઓળખી શકેલ નહીં. વધુમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદમાં જે સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમનું જણાવેલ તે તેને પરત મળી ગયેલ છે.

આમ ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી.

(૯) વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૩૬ થી ગુનાવાળી જગ્યાનું પંચ નામુ, આંક–૩૭,૩૮ થી ઈજાપામનારના શરીર સ્થતીનું પંચનામું, આંક–૩૯ થી બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું, આંક–૪૦ થી મુદામાલ રીકવરી પંચનામું, આંક–૪૧ થી આરોપીઓનું અટક પંચનામુ, આંક–૪૨ થી ૪૫ સુધી ઈજાપામનાર સાહેદોના સારવાર સર્ટીફીકેટો રજુ થયેલ છે પરંતુ, આંક–૩૨ થી રજુ ફરિયાદ કે જે હાલના કેસમાં મુખ્ય પુરાવો છે તેને જ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર નિઃશં કપણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવાઓ કે જે ગૌણ પુરાવાઓ છે તેના ઉપર આધાર રાખી, આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

હાલના કેસનો આખરી ન્યાયી નિર્ણય થતો હોય ત્યારે મુદામાલ બાબતે હુકમ કરવો ન્યાયોચિત જણાતું હોય, હાલના કામે કેસનું રેકર્ડ જોતાં અરજદાર/ મુળ ફરીયાદીએ મુદામાલ સોનાચાંદીના દાગીના પરત મેળવવા વચગાળાની અરજી આંક–૪ થી કરેલી જે અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલો. ત્યારબાદ અરજદારે નામદાર ચોથા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ફોજદારી રીવીઝન અરજી નં. ૧૨૦/૨૨ થી દાખલ કરતાં મહે. ચોથા એડી. સેશન્સ જજ સાહેબશ્રી ભાવનગરનાઓએ આંક–૮ ના તા. ૨૮–૭–૨૨ ના હુકમ મુજબ સદર કેસનો મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૧૦ નો અરજદાર કિશોર ઉર્ફે ટીચુરભાઈ ચકુરભાઈ પરમારનાઓને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તે મુજબ અરજદારને સદર મુદામાલ અત્રેની અદાલતના નાઝરશ્રી ધ્વારા સોંપી આપેલ હોવાનું જણાય આવેલ છે. વધુમાં ફરીયાદી પોતાની આંક–૩૧ ની ઉલટ તપાસમાં પણ સદર મુદામાલ તેઓને પરત મળી ગયેલ હોવાની હકીકત કબુલ રાખે છે. આમ સદર હકીકત રેકર્ડ આધારીત હોય, મુદામાલ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૦) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરીયાદ પક્ષ નિઃશં કપણે પુરવાર કરી શકેલ નથી કે બનાવ સમયે અને સ્થળે, આ કામના આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે, ફરીયાદી આરોપી નં. ૧ ના ભાઇ થતાં હોય,આરોપી નં.૧ સોનાના હારમાં ભાગ માંગતા હોય, જે ફરીયાદીએ આપવાની ના પાડેલ હોય, તેની દાઝ રાખી આરોપીઓએ ફરીયાદીને તથા તેના બાળકોને લાખંડના સળીયા વડે શરીરે આડેઘડ માર મારી ફ્રેકચર તથા બીજી ઇજાઓ કરી, ગુન્હામાં એકબીજાને મદદગારી કરી, ડી.એમ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, અન્ય સાહેદોને તપાસવાથી પણ ન્યાયનો હેતુ બર આવી શકે તેમ ન હોય, જેથી મુદ્દા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ–૨૦૨૩ની કલમ–૨૭૧ અન્વયે, આઇ.પી.સી. કલમ–૩૨૪,૩૨૫,૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે નામદાર ચોથા એડી. સેશન્સ જજ સાહેબશ્રીઓએ ફોજદારી રીવીઝન અરજી નં. ૧૨૦/૨૨ આંક–૮ ના તા. ૨૮–૭–૨૨ ના હુકમ મુજબ સદર કેસનો મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૧૦ નો અરજદાર કિશોર ઉર્ફે ટીચુરભાઇ ચકુરભાઇ પરમારનાઓને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય, સદર વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ અન્ય મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૦૬, માહે–જુલાઇ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલિતાણા.

**(રાજેશ માંદિયાભાઈ ધોડી)**
એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, પાલિતાણા.
(કોડ નં.–જી.જે.૦૧૧૭૫).

કે.એ.ખાણધર(પી.એ.)